આપણું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

જે સંસ્કૃતિ પ્રજાને ભવ્યતા, દિવ્યતા, સ્વમાન તથા સૌષ્ઠવ આપે તે જ ઉત્તમ કહેવાય
- મોરારિ બાપુ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૪૮ | ૧ માર્ચ, ૨૦૧૪, શનિવાર; મહા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


NEWS બિટ્સ

**● 'સત્યમેવ જયતે'માં નેતાઓને 'નો એન્ટ્રી'**



આમીરખાનના લોકપ્રિય શૉ સત્યમેય જયતેના બીજા ભાગની શરૂઆત થવા જઈ રહી છે. આમીરના ચાહકો તેનો ખુબ આતુરતાપૂર્વક ઈન્તજાર કરી રહ્યા છે. આ વખતે આમીરખાને ખુલાસો કર્યો છે કે તેના ટીવી શૉ સત્યમેવ જયતેમાં આ વખતે કોઈ નેતાઓને બોલાવવામાં આવશે નહી. તે કોઈ રાજકીય પાર્ટીમાં રસ ધરાવતો નથી કે કોઈ પાર્ટીમાં સામેલ થવાની ઈચ્છા પણ ધરાવતો નથી.

**મોદીના 'કોંગ્રેસ ફ્રી ઈન્ડિયા' સામે લાલુનુ 'કોંગ્રેસ વિથ ઈન્ડિયા'**



આરજેડીના પ્રમુખ લાલુપ્રસાદ યાદવે સ્વીકાર્યું છે કે ૨૦૦૯માં લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન ન કરવાની ભૂલ તેમનો ભારે પડી હતી. તેમણે હવે ફરી એકવાર આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને સમર્થન આપવાની હિમાયત કરી છે. લાલુએ મોદી દ્વારા આપવામાં આવેલ સુત્ર 'કોંગ્રેસ ફ્રી ઈન્ડિયા'ના જવાબમાં 'કોંગ્રેસ વિથ ઈન્ડિયા'નું સુત્ર આપ્યું છે.

# અડવાણીની આગાહી ભાજપ જ જીતશે



(તસવીર : દિપક જાની)

## સામાન્ય ચૂંટણીમાં ભાજપ પોતાની તાકાતથી મોટા પક્ષ તરીકે ઉભરી આવશે : અડવાણી : તેમની ઉમેદવારી અંગે રાષ્ટ્રીય નેતાગીરી નિર્ણય કરશે : ગુજરાત તેમની પહેલી પસંદ જરૂર છે

ગાંધીનગર, તા. ૨૮

આગામી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવશે અને તે પણ પોતાની તાકાતથી એમાં કોઈ બેમત નથી તેવુ ભાજપના રાષ્ટ્રીય અગ્રણી અને ગાંધીનગરના સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણીએ આજે અત્રે જણાવ્યું હતું.

ગાંધીનગરના ટુંકા પ્રવાસે આવેલા શ્રી અડવાણીએ ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે માર્ચના પ્રથમ સપ્તાહમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓ યોજવા અંગેની ઘોષણા ચૂંટણી પંચ કરશે. તેમણે જણાવ્યુ હતુ કે આ સામાન્ય ચૂંટણીએ ભારતના રાજકીય ઈતિહાસની મહત્વની ઘટના બની રહેશે.

કટોકટી સમય બાદ કોંગ્રેસની જે સ્થિતિ હતી તેના કરતાં પણ વધુ ખરાબ સ્થિતિ આ સામાન્ય ચૂંટણીઓ બાદ થશે તેવુ તેમને દેખાઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે પ્રથમ લોકસભાની ચૂંટણીથી તેઓ સક્રિય રાજકારણમાં છે અને તેમણે અને રાજકીય ચડાવ-ઉતાર જોયા છે પરંતુ એટલુ ચોક્કસ કહી શકાય કે કોંગ્રેસ માટે પરિણામો અત્યંત દયનીય હશે. તે ૧૦૦નો આંક પણ પાર કરી શકશે નહિ.

ભાજપ તેની પોતાની તાકાતથી આખા દેશમાં સૌથી મોટા રાજકીય પક્ષ તરીકે ઉભરી આવશે. જો કે કેટલી બેઠકો હશે તેવા પ્રશ્નનો ઉત્તર ટાળતાં તેમણે કહ્યું હતું કે તે નિર્ણય જનતા જનાર્દન કરશે. પરંતુ જનતાનો મિજાજ કોંગ્રેસ વિરોધી છે.

શ્રી લાલકૃષ્ણ અડવાણી લોક જનશક્તિ પાર્ટીના એન.ડી.એ.માં જોડાવા અંગે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે ચૂંટણી પ્રક્રિયામાં જોડાણો થતા હોય છે. અનેક રાજકીય ગઠબંધનો થતા હોય છે. એલ.જે.પી. પહેલા છુટુ પડ્યુ હતુ, હવે સાથે આવે છે આનાથી એનડીએની તાકાતમાં વધારો થશે.

તમે ગાંધીનગરમાંથી જ ચૂંટણી લડશો ને ? તેવા એક સીધા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે પક્ષની રાષ્ટ્રીય નેતાગીરી તે નિર્ણય લેશે. જો કે તેમણે જણાવ્યુ હતુ કે તેમની પ્રથમ પસંદ ગુજરાત છે અને રહેશે. ગુજરાતમાં પણ કચ્છ એ પ્રદેશ ભૌગોલિક રીતે વિશાળ છે એટલુ જ નહિ એ પ્રદેશ સાથે તેમનો નાતો ઘણો પુરાણો છે. જો કે કચ્છની બેઠક અનામત બેઠક છે.

એન.ડી.એ.ના શાસનને યાદ કરતાં શ્રી અડવાણીએ જણાવ્યુ હતુ કે ૧૮૦થી વધુ બેઠકો સાથે ભાજપે સત્તાના સૂત્રો એન.ડી.એ.ની રચના

● અનુસંધાન પાન-૭ પર

# કલોલમાં ધાર્મિક મેળાવડામાં ફૂડ પોઈઝનીંગના ૨૦ કેસ

## દર્દીઓને સારવાર માટે કલોલ દવાખાના ઉપરાંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં ગઈકાલે બપોરે એક ધાર્મિક કાર્યક્રમ બાદ ભોજન આરોગ્યા બાદ મોડી સાંજે ફૂડ પોઈઝનીંગ ઘટના બનતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યુ હતુ. ૨૦થી પણ વધુ દર્દીઓ આ ફુડપોઈઝનીંગના નોંધાયા હતા.

દર્દીઓને સારવાર માટે કલોલ દવાખાના ઉપરાંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે સમયસરની સારવારને કારણે બધાની જ તબિયત સુધારા પર છે. સારકવાર બાદ દર્દીઓને રજા આપી દેવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય તંત્રએ આ ધાર્મિક મેળાવડાને અંતે ભોજન માટે લવાયેલ વસ્તુઓ અંગેની વિગતો મેળવી છે. આ વસ્તુઓ અમદાવાદથી લાવવામાં આવી હોવાનું જાણવા મળતાં તંત્રએ અમદાવાદના આરોગ્ય સત્તાવાળાઓને આગળની કાર્યવાહી કરવા જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ફુડપોઈઝનીંગની એક જ સપ્તાહમાં આ બીજી ઘટના બની છે. તંત્રએ આવી ઘટનાઓ વારંવાર ના બને તે માટે અસરકારક નિયમન કરવુ જોઈએ તેવી માંગ લોકોમાં ઉઠી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં બિન આરોગ્યપ્રદ ખાદ્ય વસ્તુઓના વેચાણની હાટડીઓ ખુલ્લેઆમ ચાલી રહી છે તેની સામે તંત્રએ કડક રીતે કામગીરી કરવી જ જોઈએ તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

# ગાંધીનગર ટી.ડી.ઓ. બદલાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી શ્રી તુષાર જોશીની રાજ્ય સરકારે આખરે બદલી કરી છે અને તેમને ખેડા પંચાયતમાં ચીટનીસ તરીકે નિમણુંક આપવામાં આવી છે.

પંચાયત વિભાગે કરેલા હુકમો મુજબ ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી તરીકે જિલ્લા પંચાયતના ચીટનીસ શ્રી ચારેલની નિમણુંક કરવામાં આવી છે. જ્યારે જિલ્લા પંચાયતના ચીટનીસ તરીકે ખેડાના ચીટનીસ શ્રી મોઢને મુકવામાં આવ્યા છે.

બદલીના આ હુકમો થતાં શ્રી જોશી હવે તેમની નવી જગ્યાનો ચાર્જ


● અનુસંધાન પાન-૭ પર







શ્રી ગણેશાય નમઃ





**આનંદનો ગરબો અખંડ ધુન**

શ્રી આદ્યશક્તિ માતાજીની અસીમ કૃપાથી બહુચરમાતાજીના પ્રાગટ્ય દિને શ્રીમતી ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદના ગરબાનું અલૌકિક અમૃતમય રસપાનનું આયોજન

શોભાયાત્રા : ઓમકારેશ્વર મંદિરથી પ્લોટ નં. ૧૨૯/૨, સેક્ટર-૪એ સુધી

શુભ સ્થળ : પ્લોટ નં. ૧૨૯/૨, સેક્ટર-૪એ, ગાંધીનગર

તારીખ : ૪/૩/૨૦૧૪, મંગળવાર
સમય : સવારે ૧૦ થી ૬-૩૦ કલાકે





શ્રીમતી સોનિયા ગાંધી
અધ્યક્ષ, યુપીએ



ડૉ. મનમોહન સિંહ
વડાપ્રધાન

81 કરોડ લોકોને અન્ન સુરક્ષા કાયદા હેઠળ અનાજનો અધિકાર મળ્યો
4.98 કરોડ પરિવારોને મનરેગાથી રોજગારી
19.97 કરોડ બાળકોને મળ્યો અનિવાર્ય અને મફત શિક્ષણનો અધિકાર
₹ 1,95,000 કરોડથી વધુ બેંક લોન લઘુમતિઓને અપાઈ
છેલ્લા 10 વર્ષોમાં ખેડૂતોને બે ગણાથી વધુ લઘુતમટેકાના ભાવો મળ્યા
અનાજ ઉત્પાદનમાં અનેક વિક્રમો તોડ્યા, ચોખાનું ઉત્પાદન 830 લાખ ટનથી વધીને 1061.9 લાખ ટન, ઘઉંનું ઉત્પાદન 680 લાખ ટનથી વધીને 956 લાખ ટન થયું
ગામડાઓમાં 35 કરોડથી વધુ ટેલીફોન જોડાણ પહોંચ્યા
દસ વર્ષમાં 18,200 કિલોમીટર હાઈવેનું નિર્માણ અને સુધારણા
છેલ્લા 4 વર્ષોમાં ભારતમાં $ 175 અરબનું સીધું વિદેશી રોકાણ
છેલ્લા 9 વર્ષોમાં ભારતીય નિકાસ ₹ 2,93,367 કરોડથી વધીને ₹ 16,34,319 કરોડ થઈ

ભારત નિર્માણનો પુરાવો

જન જનને સ્પર્શે, જન જીવનને બદલે

davp 22111/13/0098/1314